જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । મંગળવાર । તા. ૧૩-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

છત્તીસગઢમાં ચૂંટણી પ્રચાર રેલીમાં વડાપ્રધાને નામ લીધા વગર સોનિયા-રાહુલ પર નિશાન સાધ્યુ

નોટબંધીના કારણે માતા-પુત્રએ જામીન લેવા પડ્યા : મોદી

જામીન પર જીવતા લોકો મોદીને સર્ટિફિકેટ વહેંચી રહ્યા છે,નોટબંધીના કારણે તમારો વ્યવસાય બંધ થયો,બોમ્બ, બંદૂક અને પિસ્તોલનો લોકશાહી જવાબ આપશે

બિલાસપુર

છત્તીસગઢ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના વોટિંગની વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે બિલાસપુરમાં જાહેરસભા કરી હતી. તેમણે ભાષણમાં નોટબંધી, નક્સલવાદ, વિકાસ અને કોંગ્રેસના ઘોષણા પત્રની વાત કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે નોટબંધીના કારણે માતા- પુત્ર રૂપિયાની હેરા-ફેરી કરીને જામીન પર ફરી રહ્યાં છે. જોકે આ દરમિયાન તેમણે રાહુલ અને સોનિયા ગાંધીનું નામ લીધું ન હતું. તેમણે કહ્યું હતું કે તે નોટબંધીનો હિસાબ માંગી રહ્યાં છે. તે ભૂલી ગયા કે નોટબંધીના કારણે નકલી કંપનીઓ બંધ થઈ ગઈ અને તમારો ખેલ પ્રકાશમાં આવ્યો. તમારે જામીન લેવા પડ્યા. નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી જામીન પર છે.



મોદીએ કહ્યું કે અમારી પાર્ટી (ભાજપ) નાની હતી. મુશ્કેલ પરિસ્થિતિ હતી. પરંતુ કાર્યકર્તાઓના સ્વભાવમાં પરિવર્તન આવ્યું નથી. છત્તીસગઢમાં આવવાનું વારંવાર સૌભાગ્ય મળી રહ્યું છે. સરકારના કામોને લોકો સુધી લાવી રહ્યાં છે. અમારા કાર્યકર્તાઓ લોકોની સમસ્યાઓ અમારી સામે લાવીને તેનું નિરાકરણ લાવવાનો પ્રયાસ કરે છે.

મતદાન કરવું તે લોકશાહીનો સૌથી મોટી ઉત્સવ છે. મને વિશ્વાસ છે કે બોમ્બ, બંદૂક અને પિસ્તોલનો દમ દેખાડનારને લોકશાહીની તાકાત જવાબ આપીને રહેશે. અમારી વિરોધી પાર્ટીઓને હજી સુધી એ વાતની સમજણ નથી પડતી કે ભારતીય જનતા પાર્ટીની સાથે મુકાબલો કઈ રીતે કરવો.

કોંગ્રેસ પાર્ટીની સંપૂર્ણ રાજનીતી એક પરિવારથી શરૂ થઈને તે જ પરિવારમાં આવીને પૂરી થાય છે. અમારી રાજનીતી ગરીબોની ઝૂંપડીઓમાંથી શરૂ થાય છે. ગરીબની જિંદગીને બદલ્યા વગર શાંતિથી આરામ પણ નહિં કરીએ તે હેતુંથી આગળ ચાલે છે.

અમારા વિરોધીઓને અત્યાસ સુધી એ વાત સમજમાં નથી આવતી કે ભારતીય જનતા પાર્ટીનો મુકાબલો કઈ રીતે કરીએ. કારણે અમારી પાર્ટી ખૂબ જ આગળ નીકળી ગઈ છે.

છત્તીસગઢની સેવા કરવાની અમને વારંવાર તક મળી રહી છે. તેનું એક કારણ એ છે કે અહીંના લોકો અને સરકારની વચ્ચે સંગઠનાના કાર્યકર્તાઓની મજબૂત કડી છે. તમામ લોકો મળીને વિકાસ માટે કામ કરી રહ્યાં છે.

એક પરિવારની ત્રીજી પેઢીના વડાપ્રધાન (રાજીવ ગાંધી)એ કહ્યું હતું કે દિલ્હીમાંથી ૧૦૦ પૈસા નીકળે છે, પરંતુ જમીન સુધી ૧૫ પૈસા પહોંચે છે. તેને કયો પંજો ખઈ ગયો. નોટબંધીએ ૮૫ પૈસાને બહાર લાવી દીધા.

મોદીએ વિરોધીઓને આડે હાથ લેતા કહ્યુ કે છત્તીસગઢ જ્યારે મધ્યપ્રદેશનો ભાગ હતો બંને બીમાર રાજ્ય હતા. જો છત્તીસગઢ નવુ બન્યા પછી પણ તેમની પાસે રહેત તો આવનારા ૫૦ વર્ષો સુધી કોઈ વિકાસ થયો ન હોત. તેમની રાજનીતિ ફક્ત એક પરિવારથી જ શરૂ થાય છે. અમારી રાજનીતિ ગરીબ લોકોથી શરૂ થાય છે.

સીબીઆઈ વિવાદ : સીવીસીએ સીલબંધ કવરમાં સોંપ્યો રિપોર્ટ, સુપ્રિમે લગાવી ફટકાર

ન્યુ દિલ્હી

CBIએ બે ઉચ્ચ અધિકારીઓ વચ્ચેના વિવાદ મામલે સોમવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી કરી. CVCએ CBIના ડાયરેક્ટર આલોક વર્મા વિરૂદ્ધ થયેલી શરૂઆતી તપાસના ત્રણ રિપોર્ટ સીલબંધ કવરમાં કોર્ટને સોંપ્યા. આગામી સુનાવણી શુક્રવારે થશે. સુપ્રીમ કોર્ટે તપાસ રિપોર્ટ સમય પર દાખલ ન કરવા અંગે ફટકાર પણ લગાવી.

આ મામલો સીબીઆઈ ચીફ આલોક વર્મા અને તપાસ એજન્સી નંબર ૨ અધિકારી રાકેશ અસ્થાના વચ્ચેના વિવાદથી જોડાયેલો છે. બંનેએ એકબીજા પર લાંચ લેવાનો આરોપ લગાવ્યો છે. આ વિવાદ પછી કેન્દ્રએ બંને અધિકારીઓને તપાસ પૂરી ન થાય ત્યાં સુધી રજા પર મોકલી દીધાં છે. CBI ચીફ કેન્દ્રના આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. ગત સુનાવણીમાં કોર્ટે કહ્યું હતું કે CVC આ મુદ્દે તપાસ કરે અને રિપોર્ટ સોંપે.

ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ અને જસ્ટિસ એસકે કૌલની બેંચે સુનાવણી કરી. આ દરમિયાન CVC તરફથી રિપોર્ટ સોંપવામાં આવ્યો. CBIના અંતરિમ ચીફ એમ નાગેશ્વર રાવે પણ પોતાનો અલગ રિપોર્ટ સોંપ્યો, જેમાં તેમની તરફથી ૨૩થી ૨૬ ઓક્ટોબર વચ્ચે લેવાયેલાં નિર્ણયોની જાણકારી છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ બેંચને જણાવ્યું કે ઝફઝની તપાસ આગેવાની સુપ્રીમ કોર્ટના રિટાયર્ડ જજ જસ્ટિસ એકે પટનાયકે કરી હતી. તપાસ ૧૦ નવેમ્બરે પૂરી કરવામાં આવી હતી. ચીફ જસ્ટિસ ગોગઈએ કહ્યું કે કોર્ટની રજીસ્ટ્રી રવિવારે પણ ખુલી હતી. જે બાદ પણ CVCનો રિપોર્ટ દાખલ કરવા અંગે રજીસ્ટ્રારને કોઈ પૂર્વ સુચના આપવામાં ન આવી. આ અંગે સોલિસિટર જનરલે માફી માંગતા કહ્યું કે રિપોર્ટ સોંપવામાં અમારાથી મોડું થયું છે.

કેન્દ્રીય મંત્રી-ભાજપ સાંસદ અનંત કુમારનું ૫૯ વર્ષની વયે નિધન

બેંગલુરુ

કેન્દ્રીય મંત્રી અને ભાજપના સાંસદ અનંત કુમારનું સોમવારે સવારે નિધન થયું છે. તેઓ કેન્સરથી પીડિત હતા. ૫૯ વર્ષની ઉંમરે તેમણે બેંગલુરુની હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધો હતો. છેલ્લા કેટલાય દિવસથી તેમને બેંગલુરુ લાવવામાં આવ્યા હતા. અહીંની હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. અનંત કુમાર કર્ણાટકના સાઉથ-બેંગલુરુના સાંસદ હતા.



વર્ષ ૧૯૯૬થી તેઓ દક્ષિણ બેંગલુરુનું લોકસભામાં પ્રતિનિધિત્વ કરી રહ્યા હતા. અનંત કુમાર (Ananth Kumar)ના નિધન ઉપર રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી રાજનાથ સિંહ સહિત તેમામ નેતાઓએ દુઃખ વ્યક્ત કર્યું છે.

અનંત કુમાર પાસે બે મંત્રાલયોની જવાબદારી હતી. તેઓ ૨૦૧૪થી કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર મંત્રી હતા. આ ઉપરાંત તેઓ જુલાઈ ૨૦૧૬થી સાંસદીય મામલાના મંત્રી હતા. અનંત ૧૯૯૬થી બેંગલુરુ દક્ષિણથી લોકસભાના સભ્ય રહ્યા હતા. બેંગલુરુ દક્ષિણથી ૬ વખત લોકસભા સાંસદ રહેલા અનંત કુમાર પહેલા એવા રાજનેતા હતા જેમણે સંયુક્ત રાષ્ટ્રમાં કન્નડ ભાષામાં સંબોધન કર્યું હોય.

તેમનો જન્મ ૨૨ જુલાઇ ૧૯૫૯ના દિવસે બેંગલુરુમાં થયો હતો.તેમણે કેએસ આર્ટ કોલેજ હુબલીથી બીએ કર્યું હતું. ત્યારબાદ જેએસએસ લો કોલેજથી એલએલબી કરી હતી. તેમના પરિવારમાં પત્ની તેજસ્વીની, બે પુત્રીઓ એશ્વર્યા અને વિજેતા છે.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ

અનંત કુમારના નિધન પર શોક વ્યક્ત કરતા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યુ કે અનંત કુમારનું નિધન દેશના સાર્વજનિક જીવનમાં બહુ મોટી ક્ષતિ સમાન છે. ખાસકરીને કર્ણાટકના લોકો માટેય તેમના પરિવારને મારી શાંત્વના.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી

પીએમ મોદીએ ટ્વીટ કરી અનંત કુમારના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે લખ્યુ કે મારા સહયોગી અને દોસ્તના નિધનથી હું ખુબજ દુખી છુ. અનંત કુમારના પરિવારને આ ક્ષણે ભગવાન શક્તિ આપે. તેમણે કર્ણાટકમાં પાર્ટીને ખુબ જ મજબૂત કરી હતી.

કેન્દ્રીય ગૃહ મંત્રી રાજનાથ સિંહ

કેન્દ્રીય ગૃહ મંત્રી રાજનાથ સિંહે શ્રદ્ધાંજલિ અર્પી હતી. તેમણે કહ્યુ કે વરિષ્ઠ સહયોગી અને મિત્રના અકાળે અવસાનથી દુખ થયુ. તેમણે દેશની ખૂબ મોટી સેવા કરી હતી ભગવાન તેમના આત્માને શાન્તી આપે. દુખની આ ઘડીમાં તેમના પરિજનોને તાકાત આપે.

આ મામલામાં કોર્ટ પહેલાથી જ કોર્ટ જ પોતાનું વલણ સ્પષ્ટ કરી ચૂકી છે : સુપ્રિમ

રામ મંદિર મુદ્દે ઝડપથી સુનાવણી કરવાની હિંદુ મહાસભાની અરજીને સુપ્રીમે ફગાવી

ન્યુ દિલ્હી

રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદ મામલામાં હિંદુ મહાસભાની જલ્દી સૂનાવણી કરવાની અરજીને સોમવારે ઠુકરાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે આ અરજી પર જલ્દી સૂનાવણીની માંગને ઠુકરાવતા કહ્યું કે, આ મામલામાં કોર્ટ પહેલાથી જ પોતાનું વલણ સાફ કરી ચૂકી છે. સૂનાવણી માટે પહેલાથી જ તારીખ ફાળવી દેવામાં આવી છે. અખિલ ભારતીય હિંદુ મહાસભા તરફથી વકીલ તરૂણ સિંહાએ સુપ્રીમકોર્ટમાં અરજી દાખલ કરી હતી. ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયા રંજન ગોગાઇ અને જસ્ટિસ એસકે કૌલએ કહ્યું કે, પહેલા જ જાન્યુઆરીમાં મામલાની સૂનાવણીની વાત કરી ચૂક્યા છે. તેમણે કહ્યું,'અમે આ સંબંધમાં આદેશ પારિત કરી ચૂક્યા છીએ. સૂનાવણી જાન્યૂઆરીમાં જ થશે.' આ પહેલા સુપ્રીમ કોર્ટે રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ ભૂમિ વિવાદ મામલામાં સૂનાવણી માટે જાન્યુઆરીથી પહેલા અઠવાડિયાની તારીખ નક્કી કરી હતી. સૂનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ રંજન ગોગોઈની અધ્યક્ષતાવાળી ખંડપીઠે કહ્યું હતું કે, જાન્યુઆરીમાં ઉપર્યુક્ત પીઠ આ મામલાની સૂનાવણી કરશે. તેમણે આ મામલા પર જલ્દી સૂનાવણીની પક્ષકારોની માંગને કારિઝ કરી દીધી. પ્રધાન ન્યાયાધીશ રંજન ગોગોઈની નેતૃત્વવાળી ત્રણ સભ્યોની પીઠે કહ્યું કે, ઉચિત પીઠ આવતા વર્ષે જાન્યુઆરીમાં સૂનાવણીની આગળની તારિખ નક્કી કરશે. પ્રધાન ન્યાયાધીશ રંજન ગોગોઈની નેતૃત્વવાળી પીઠે કહ્યું કે, યોગ્ય પીઠ આવતા વર્ષે જાન્યુઆરીમાં સૂનાવણીની તારીખ નક્કી કરશે. પીઠના બે અન્ય સભ્યોમાં ન્યાયમૂર્તિ એસકે કૌલ અને કેએમ જોસેફ સામેલ છે. સરકાર તરફથી હબાર વકીલ તુષાર મહેતાએ સુપ્રીમકોર્ટને પૂંછ્યુ કે, આ મામલાની જાન્યુઆરીમાં ક્યારથી સૂનાવણી શરૂ થશે. તેના પર પીઠે કહ્યું કે, આ તમામ નિર્ણય નવી પીઠ કરશે. કોર્ટના આ આદેશ બાદ હવે સૂનાવણી ક્યારથી થશે, રોજ થશે કે નહી, આ મુદ્દા પર નવી પીઠ નિર્ણય લેશે.

સુપ્રીમ કોર્ટમાં મોદી સરકારે સાર્વજનિક કરી રાફેલની ખરીદ પ્રક્રિયા

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટના આદેશથી કેન્દ્ર સરકારે રાફેલ ડીલ સાથે જોડાયેલા દસ્તાવેજો અરજી કરનારાઓને સોંપી દેવામાં આવ્યા છે. દસ્તાવેજોમાં કહેવામાં આવ્યું છે કે, સરકારે રાફેલ ડીલ ૨૦૧૩ નક્કી કરવામાં આવેલી ખરીદ પ્રક્રિયા અંતર્ગત કરી હતી.

કેન્દ્ર સરકારે ૩૬ રાફેલ વિમાનોની ખરીદી સંબંધી જે પણ નિર્ણય લીધા છે તે દરેકની માહિતી અરજીકર્તાઓને સોંપી દેવામાં આવી છે. રાફેલ વિવાદ સાથે જોડાયેલી અરજી સીનિયર વકીલ એમએલ શર્માએ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી હતી. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં ૯ પેજના દસ્તાવેજ સોંપ્યા હતા. જેમાં આ ડીલનો સમગ્ર ઈતિહાસ અને પ્રક્રિયા સમજાવામાં આવી છે.

સરકારે દસ્તાવેજમાં કહ્યું કે, રાફેલ ડીલની રક્ષા ખરીદ પરિષદ પાસેથી મંજૂરી લેવામાં આવી હતી. ડીલને લઈને ફ્રાંસ સરકાર સાથે એક વર્ષ સુધી વાતચીત ચાલી હતી. ડીલ પહેલાં સંસદની સુરક્ષા સમિતિ પાસેથી પણ તેની મંજૂરી લેવામાં આવી હતી.

સુપ્રીમકોર્ટે ગઈ સુનાવણી દરમિયાન સરકાર પાસેથી ૩૬ વિમાનોની કિંમત અને નિર્ણય લેવાની માહિતી માંગી હતી. તે સાથે જ અરજીકર્તાઓની સાથે ભારતીય ઓફસેટ પાર્ટનરની પસંદગીની માહિતી પણ શેર કરવાનું કહ્યું હતું.

સુનાવમી દરમિયાન અટૉર્ની જનરલે કહ્યું કે, રાફેલ વિમાનની કિંમતનો કેસ એક્સક્લૂઝિવ છે અને અમુક દસ્તાવેજો ઓફિશિયલ સીક્રેટ એક્ટ અંતર્ગત આવે છે. તેને વિવરણ કોર્ટ દ્વારા શેર ન કરી શકાય. ત્યારપછી ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ કહ્યું કે, જો આવું હોય તો તમે કોર્ટમાં એફિડેવિટ દાખલ કરીને પૂછો કે માહિતી કેમ શેર કરવામાં આવી નથી. નોંધનીય છે કે, દેશની મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસે આ કેસમાં સરકાર પર અનિયમિતતા દાખવવાનો આરોપ લગાવ્યો હતો. જોકે સરકારનો પક્ષ રહ્યો છે કે, રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને રાફેલ વિમાનની કિંમતોનો ખુલાસો કરી શકાય નહીં.

અયોધ્યા, મથુરાને તીર્થસ્થળ જાહેર કર્યા બાદ દારૂ-માંસ પર મૂકાશે પ્રતિબંધ

લખનઉ

શહેરોના નામ બદલવાને કારણે ચર્ચામાં રહેલી યોગી સરકાર હવે એક મોટી જાહેરાત કરી શકે છે. યુપીના સીએમ યોગી આદિત્યાનાથે દિપોત્સવમાં દિવાળીની ભેટમાં ફૈઝાબાદનું નામ બદલીને અયોધ્યા કર્યું હતું. આ નામકરણ બાદ સંતોની માંગને ધ્યાનમાં રાખીને સરકાર અયોધ્યામાં દારૂ અને માંસના વેચાણ પર પ્રતિબંધ લાદી શકે છે.

દિપાત્સવમાં ફૈઝાબાદનું નામ બદલ્યા બાદથી જ સંતો આ અંગે માંગ કરી રહ્યા છે. અયોધ્યાના સમગ્ર જિલ્લામાં દારૂ અને માંસના વેચાણ પર પ્રતિબંધ અંગે યોગી સરકાર વહેલી તકે કોઇ નિર્ણય લઇ શકે છે. જોકે અયોધ્યા નગર પાલિકા ક્ષેત્રમાં પહેલાથી જ આ અંગે પ્રતિબંધ છે. હવે સમગ્ર જિલ્લામાં આ પ્રતિબંધ લાગૂ કરવાની માંગ કરાઇ છે. સંતોની માંગ પર સરકારના ઉર્જા મંત્રી અને પ્રવક્તા શ્રીકાંત શર્માએ જણાવ્યું હતું કે, અમે સંતોની માંગ પર વિચાર કરી રહ્યા છે. નોંધનીય છે કે, યોગી સરકારે અગાઉ મઘલસરાયનું નામ બદલીને પંડિત દિનદયાલ નગર કર્યું હતું ત્યારબાદ ફૈઝાબાદનું નામ બદલીને અયોધ્યા કર્યું હતું.



લાભ પાંચમ સાથે આજે જ્ઞાનપંચમીની ઉજવણી પણ કરવામાં આવી રહી છે. જૈન દેરાસર ખાતે જ્ઞાનપંચમી નિમિત્તે સ્કૂલના બાળકોએ પુસ્તકો સાથે હાજર રહી જ્ઞાનપંચમીની પૂજા કરી હોવાનું તસવીરમાં જણાય છે.

ઉત્રાણમાં ચપ્પુ દેખાડી મોબાઈલ ફોનની લૂંટ

ઉત્રાણ રેલવે સ્ટેશન પાસે ચપ્પુની અણીએ મોબાઈલ ફોનની લૂંટ થઈ હતી. અમરોલી પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઉત્રાણ રેલવે સ્ટેસન પાસે અભિનંદન એપાર્ટમેન્ટમાં રહેતાં પંકજ દેવરાજ વઘાસીયા પોતાના એપાર્ટમેન્ટ પાસે ઊભા હતા. ત્યારે મોટર સાયકલ પર ધસી આવેલા ત્રણ અજાણ્યા ઈસમો પૈકી એકે ચપ્પુ બતાવી રૂા.૧૫ હજારની કિંમતનો મોબાઈલ ફોન ઝુંટવીને ભાગી ગયા હતા. અમરોલી પોલીસે લૂંટનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

સુરતમાં વીયર કમ કોઝવે પાસે છઠ પૂજાની ભવ્યાતિભવ્ય ઉજવણી થશે

સુરતમાં વસતા બિહાર, ઝારખંડ તથા પૂર્વોત્તર પ્રદેશના લોકો નદી તટ સહિતના જળાશયો પર સૂર્ય દેવતાને અર્ઘ્ય અર્પણ કરશે

સુરત

પ્રકાશ પર્વ દિવાળીના છઠા દિવસે ધૂમધામથી ઉજવવામાં આવતો સૂર્ય ઉપાસનાનો તહેવારની શરૂઆત થઈ રહી છે. આ તહેવાર બિહાર, ઝારખંડ, પૂર્વ પ્રદેશના હિન્દુઓનો એકમાત્ર તહેવાર છે. જેમાં પહેલા અસ્ત થતા સૂર્યની પૂજા કરવામાં આવે છે. તા.૧૩-૧૧-૨૦૧૮ મંગળવારના રોજ સાંજે અસ્ત થતા આદિત્ય (સૂર્ય)ને અર્ઘ્ય અર્પણ કરવામાં આવશે. જ્યારે બુધવારે સવારે સૂર્યોદયને અર્ઘ્ય અર્પણ કરવામાં આવશે.

સુરત મહાનગરમાં બિહાર વિકાસ મંડળના સહકારથી વિયર કમ કોઝવે અત્રે તાપી નદી પર ઝગમગાટ કરતી રોશનીથી ભવ્ય મંચ તથા સંગીત, સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે છઠ પર્વની ઉજવણી કરવામાં આવેલ છે. મહાનગરમાં આવી વસેલા બિહાર, ઝારખંડ, પૂર્વોત્તર ઉત્તર પ્રદેશના લોકોને તહેવાર નિમિત્તે એક કરવા માટે સતત ૨૬ વર્ષથી બિહાર વિકાસ મંડળના પ્રતિનિધિ પ્રભુનાથ પ્રસાદ યાદવ, બાકે બિહારી સિંહ, કૃષ્ણ ચૌરસીયા, નંદકુમાર પંડિત, મનોજ યાદવ, બલેશ ગુપ્તા, રાજદેવ યાદવ, સુરેન્દ્ર શર્મા, દિનાનાથ ચોરસીયા, જોગીન્દર, સતેન્દ્ર ચોરસીયા, જિતેન્દ્ર યાદવ, રાકેશ ગુપ્તા, પંડીત નરેન્દ્ર ઉપાધ્યાય, પહવારી ચોરસીયા, બલિરામ યાદવ, દિનાનાથ યાદવ, ઓમપ્રકાશ યાદવ, મુન્ના શાહની, સુનિલ ચોરસીયા, રબિન્દ્ર યાદવ, બાંસદેવ ચૌરસીયા, સંદીપ દુબે, શ્રીરામ સિંહ, સિપાહી યાદવ, સોનુ પટેલ વગેરેના સહકારથી તાપી નદી કિનારે આ તહેવાર ઉજવવામાં આવે છે. આ કાર્યક્રમમાં ૪૦,૦૦૦ થી ૫૦,૦૦૦ની સંખ્યામાં લોકો ભેગા થાય છે અને આ તહેવારમાં દર વર્ષે લોકો ઉત્તરોત્તર વધતા જાય છે. આમ જોવા જઈએ તો સૂર્યછઠ પૂજાનું આયોજન વિયર કમ કોઝવે અત્રે ત્યારથી થઈ રહ્યું છે. જ્યારે કોઝવેનું બાંધકામ પુરૂ પણ થયું ન હતું. પણ સન ૧૯૯૭ થી આ મંડળ અને સુરત મહાનગરપાલિકાના સહકારથી વ્યવસ્થા વગેરેની સગવડ આપવામાં આવે છે. આ તહેવારમાં કોઈ અપ્રિય ઘટના ન બને તે માટે પોલીસ દ્વારા અમૂલ્ય સહકાર મળે છે. આમ સુરત મહાનગરપાલિકાના સહકારથી આ તહેવાર ધૂમધામથી ઉજવવામાં આવે છે. છઠ પૂજની પૂર્ણ તૈયારી તાપી નદીના કિનારે બિહાર વિકાસ મંડળ દ્વારા મંડપ, ખુરશીઓ, ડેકોરેશન, લાઈટ, માઈક, પીવાના પાણીની વ્યવસ્થા વગેરેનું આયોજન થઈ ચૂક્યું છે. દૂર દૂરના ભક્તજનોને રોકવા માટે મંડપ, પંડાળ, ગદા, નીજી સુરક્ષા ગાર્ડની વ્યવસ્થા થઈ છે. આ અવસર પર બિહાર વિકાસ મંડળ દ્વારા સાધુ સંતો અને વિભિન્ન સંપ્રદાયના મહાનુભાવો ઉપસ્થિત થઈ સૂર્ય છઠ માતાની પૂજન અને આરતીનો લાભ લેશે.

વિશેષ પ્રકારની વ્યવસ્થા થઈ રહી છે. જૂની ઢેરીઓની રિનોવેશન થઈ રહ્યા છે. માટીના બેદીઓ, બનાવવામાં આવી રહ્યા છે. મંડળના કાર્યકર્તાઓ દ્વારા નદી કિનારે ઘાટની સાફ સફાઈ થઈ રહી છે.

સુરતમાં દિવાળી વેકેશનના કારણે પાણીના વપરાશમાં નોંધપાત્ર ઘટાડો

સુરત

દિવાળીની રજની સીધી અસર શહેરના પાણી પુરવઠા પર પડી છે. શહેર લગભગ ખાલીખમ થઈ જતાં પાણી પુરવઠામાં આશરે ૧૫૪ એમ.એલ.ડી ઘટાડો થયો છે. દિવાળી પૂર્વે ૧૨૭૧ એમ.એલ.ડી. પાણી આપવામાં આવતું હતું. જ્યારે હાલ ૧૧૧૬ એમ.એલ.ડી. પાણી સપ્લાય કરવામાં આવી રહ્યું છે. આગામી દિવસોમાં પાણીના સપ્લાયમાં હજુ ઘટાડો જોવા મળશે.

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને રોજનું ૧૨૫૦ એમ.એલ.ડી. પાણી સપલાય કરવામાં આવે છે. તહેવારો દરમિયાન પાણીનો વપરાશ વધવાને કારણે પાણીની માંગમાં પણ વધારો થયા છે. પરિણામે મનપાએ રોજિંદા સપ્લાય કરતા વધુ પાણી પુરવઠો પુરો પાડવો પડે છે. દિવાળી પૂર્વે લોકો પોતાના ઘર, ઓફિસ, દુકાનની સાફ સફાઈ કરતા હોય છે. પરિણામે પાણીનો વપરાશ પણ વધુ થતો હોવાને કારણે લોકોની માંગણીને સંતોષવા માટે મનપા દ્વારા દિવાળી પૂર્વે એવરેજ કરતા વધુ ૧૨૭૨ એમ.એલ.ડી. પાણી સપ્લાય કરવામાં આવતું હતું. જોકે દિવાળીના બે દિવસ પહેલાથી પાણીના વપરાશમાં ઘટાડો જોવા મળ્યો હતો. પરિણામે મનપાએ સપ્લાય પણ ઘટાડીને ૧૨૪૬ એમ.એલ.ડી. કરી દીધો હતો. જોકે ત્યારબાદ પાણીના સપ્લાયમાં સતત ઘટાડો જોવા મળ્યો હતો. છેલ્લા ચાર દિવસના આંકડા પર નજર કરવામાં આવે તો દિવાળીના દિવસે ૧૨૫૬, નવા વર્ષના દિવસે ૧૨૪૬, ભાઈબીજના દિવસે ૧૧૯૦ અને ત્રીજના દિવસે ૧૧૧૬ એમ.એલ.ડી. પાણી સપ્લાય કરવામાં આવ્યું હતું પ્રતિદિન મનપા શહેરીજનોને ૧૨૫૦ એમ.એલ.ડી. પાણી સપ્લાય કરે છે. મોટા ભાગના શહેરીજનો ફરવા માટે બહાર ચાલ્યા ગયા હોય ૧૫૦ એમ.એલ.ડી. પાણીના વપરાશમાં ઘટાડો થયો છે. વરાછા, કતારગામ, અમરોલી સહિતના વિસ્તારમાં રહેતાં સૌરાષ્ટ્રવાસીઓ પોતાના વતન ગયા હોય આ વિસ્તારમાં સૌથી વધુ પાણીના વપરાશનો ઘટાડો નોંધાયો છે.

ગોપીપુરા સુભાષ ચોકના એક મકાનમાં આગ લાગતા અફરા તફરી

આગના કારણે ઘરવખરીના સામાન ભસ્મીભૂત

સુરત

આજે સવારે પોણા નવ વાગ્યાના સુમારે ગોપીપુરા સુભાષ ચોક પાસે મકાનમાં આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. પાડોશીઓ દ્વારા ફાયર વિભાગને જાણ કરતા ફાયર સ્ટાફે આગને કાબુમાં લેવામાં સફળતા મળી હતી.

ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગોપીપુરા સુભાષ ચોક પાસે પોલીસ ચોકીની પાસે લક્ષ્મીચંદ છગનલાલ જરીવાલાના મકાન નં.૧૦/૧૧૭૮માં આજે સવારે પોણા નવ વાગ્યાના સુમારે આગ લાગી હતી. ફાયર વિભાગને જાણ થતાં જ ફાયર ઓફિસર રાજપુત તાત્કાલિત ઘટના સ્થળે દોડી આવી ત્રણ માળના મકાનના ગ્રાઉન્ડ ફ્લોર પર લાગેલી આગ કાબુમાં લેવામાં સફળતા મળી હતી. આગના લીધે ગ્રાઉન્ડ ફ્લોર પર રાખેલ ગાદલા, ગોદડા સળગી ગયા હતા. કોઈપણ પ્રકારની જાનહાનિ કે અન્ય કોઈ મોટુ નુકસાન થયું ન હતું. ફાયર સટાફે સમયસર આગને કાબુમાં લેવામાં સફળતા મળતા પાડોશીઓએ રાહત અનુભવી હતી. આગનું પ્રાથમિક કારણ શોર્ટસર્કિટ હોવાનું ઘટના સ્થળે ચર્ચાતુ હતુ.

લાભ પાંચમની પૂજા માટે વેપારીઓએ કારોબાર શરૂ કરતા બજારમાં ચહલ પહલ

સુરત

આજે લાભ પંચમીના મુહૂર્તમાં શહેરના વેપારીઓ દ્વારા દુકાનોમાં પૂજા અર્ચના કરવાની સાથે દિવાળી મહાપર્વ ઉજવણી પૂર્ણ થઈ છે. બપોર સુધી માર્કેટોની દુકાનોમાં ગ્રાહકો નહીં આવતા ફરી દુકાનો બંધ કરવામાં આવી છે.

નવા વર્ષમાં નવી આશા અને ઉમંગ અને ઉત્સાહ સાથે શહેરના વેપારીઓએ લાભ પંચમીના મુહૂર્તમાં દુકાનો ખોલી પૂજા અર્ચના કરી હતી. મુહૂર્તના સોદા કરીને આવનારા સીઝનમાં સારો વેપાર ધંધો થાય તેવી માંગણી સાથે ધાર્મિક પૂજા સંપન્ન કરવામાં આવી હતી. શહેરના રિંગરોડ પર આવેલ ટેક્ષટાઈલ માર્કેટોમાં ૨૦ થી ૨૫ ટકા જ દુકાનોમાં મુહૂર્ત કરવામાં આવ્યા હતા.

દિવાળી બાદ લગ્નસરાની સીઝન શરૂ થતી હોવાથી બહારગામના ઓર્ડર મળવાની અપેક્ષાએ વેપારીઓએ દુકાનો શરૂ કરી છે. દિવાળી બાદ મોટાભાગના લોકો પરિવારજનો સાથે બહારગામ જતા હોવાથી કારીગરોની પણ માર્કેટોમાં અછત વર્તાતી રહે છે. તેમ છતાં મુહૂર્ત સાચવવા માટે દુકાન માલિકો દ્વારા આજે સવારે દુકાનો શરૂ કરી હતી અને બપોર બાદ બંધ કરવામાં આવી હતી. ટેક્ષટાઈલ માર્કેટોમાં આજે માત્ર મુહૂર્તના જ સોદા થયા છે. રેગ્યુલર માર્કેટ શરૂ થતા હજી સમાહથી વધુ સમય લાગશે. માર્કેટોની સુરક્ષા માટે સિક્યુરિટી ગાર્ડ અને સીસીટીવી લગાવવામાં આવ્યા છે. ઘણાં વેપારીઓ માત્ર દુકાન સુરક્ષિત રહે તે માટે સવારથી સાંજ સુધી દુકાનો ખોલીને બેસી રહે છે. સમગ્ર દેશમાં આર્થિક મંદીના લીધે શહેરના ટેક્ષટાઈલ ક્ષેત્રનું વેકેશન લંબાય તેવી શક્યતા હાલ દેખાઈ રહી છે. દિવાળી પછી સારા વેપારની આશાએ આજે રિંગરોડની ૧૬૫ માર્કેટો સાથે સંકળાયેલા ૭૫ હજાર પૈકી માત્ર ૨૫ ટકા જ દુકાનો ખુલી હતી. ટેક્સ્ટાઈલ માર્કેટો સાથે સંકળાયેલ પ્રોસેસિંગ યુનિટોમાં પણ ઉત્પાદન ૫૦ ટકા જેટલું ઓઝુ થયું છે. દર વર્ષે દિવાળીના પાંચ દિવસ બાદ લાભ પંચમીથી વેપાર ધંધાઓ લગ્નસરાની ખરીદી માટે ધમધમતા થઈ જાય છે. પરંતુ આ વર્ષે વેકેશન લાંબુ ચાલે તેવી પૂરી શક્યતા દેખાઈ રહી છે.

ઉપાશ્રયમાં સાધ્વીની છેડતી કેસની તપાસ કાઈમ બ્રાન્ચને સોંપવા માંગ

શીતલવાડી જૈન સંઘ દ્વારા સુરત પોલીસ કમિશનરને રજૂઆત

સુરત

ગોપીપુરા શીતલવાડી ઉપાશ્રયમાં ઘટેલી ઘટના બાદ આજે શ્રી શીતલવાડી ખરતરગચ્છ જૈન સંઘે પો.કમિશનર સતીષ શર્માને આવેદન પત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરી હતી.

શ્રી શીતલવાડી ખરતરગચ્છ જૈન સંઘે આવેદનપત્રમાં જણાવ્યું હતું કે ગોપીપુરા જૈન ઉપાશ્રયમાં બનેલી ઘટના ખૂબ જ નિંદનીય છે. આ ઘટના સંદર્ભે તાત્કાલિક કાર્યવાહી કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. વધુમાં જૈન સંઘે જણાવ્યું હતું કે ગોપીપુરા વિસ્તારમાં જૈન સાધ્વીઓ સાથે બનતી ઘટનાને અટકાવવામાં માટે સુરક્ષા પૂરી પાડવામાં આવે, ગોપીપુરા જૈન દેરાસર, ઉપાશ્રય, વિસ્તારોમાં સીસીટીવી કેમેરા મુકવામાં આવે તેમજ દિવસ રાત્રે અડ્ડો જમાવીને બેઠેલા અસામાજિક તત્ત્વો સામે કાર્યવાહી કરવામાં આવે, ગોપીપુરા શિતલવાડી જૈન ઉપાશ્રયમાં બનેલી ઘટનાની તપાસ કાઈમ બ્રાન્ચને સોંપવા માંગ કરી હતી.

શરદ પવાર હવે ચૂંટણી લડવા નથી માંગતા...!!

પૂણે

પુણે ખાતે એક કૉફી ટેબલ બુકના વિમોચન સમયે એનસીપી ચીફ શરદ પવારે ફરી જણાવ્યું હતું કે તેઓ હવે ચૂંટણી લડવા માગતા નથી. પોતાના વિદ્યાર્થીકાળના દિવસો યાદ કરતા તેમણે જણાવ્યું હતું કે એક સમયે પવાર પૈનલ કૉલેજોમાં ચૂંટણી લડતું અને જીતતું હતું. રાજકીય જીવનના ૫૨ વર્ષ પૂરાં થયા, પરંતુ આ ચૂંટણીઓ જ તેનો પાયો હતો.

જૂના પુણેના ચિત્રોને દર્શાવતી બુકના વિમોચન પ્રસંગે તેમને પૂછવામાં આવ્યું હતું કે તેઓ પુણેનું પ્રતિનિધિત્વ કરવાનું પસંદ કરશે, ત્યારે તેમણે હવે ચૂંટણી નહીં તેવો જવાબ આપ્યો હતો. વિમોચન સમયે સિક્કીમના ભૂતપૂર્વ રાજ્યપાલ શ્રીનિવાસ પાટીલ પણ ઉપસ્થિત હતા. પવાર અને પાટીલે પુણે સાથે જોડાયેલી પોતાના જૂની યાદો તાજી કરી હતી. પાનશેત ડેમ તૂટ્યાની યાદોને તાજી કરતા કરતા પવારે કહ્યું કે આ ઘટનામાં ફિઝિકલ એજ્યુકેશનના સરનું ઘર પણ પાણીમાં ડૂબી ગયું હતું, પરંતુ તેમને ઘર કરતાં જર્મની ઑલિમ્પિકમાં મળેલા પદક તણાઈ ગયાનું વધારે દુઃખ હતું, જે તેમની દેશ અને રમત પ્રત્યેની નિષ્ઠા દર્શાવે છે.

ધો.૩માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ પાંચ વર્ષની બાળકીનું શારિરીક શોષણ કર્યું

ગાઝિયાબાદ

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં ધોરણ-૩માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીએ પાંચ વર્ષની બાળકીનું કથિત શારીરિક શોષણ કર્યું હોવાનો બનાવ સામે આવ્યો છે. પોલીસે શનિવારે જણાવ્યુ કે, જેની સામે ફરિયાદ કરવામાં આવી છે તે છોકરાની ઉંમર ૧૧ વર્ષ છે. છોકરો બાળકીને એક વેરાન જગ્યા પર લઈ ગયો હતો અને ત્યાં તેનું શારીરિક શોષણ કર્યું હતું.

એસપી વૈભવ ક્રિષ્નાએ ન્યૂઝ એજન્સી પીટીઆઈને જણાવ્યું હતું કે, બાળકીએ મદદ માટેની બૂમાબૂમ કરતા અમુક લોકો ઘટનાસ્થળે દોડી ગયા હતા. લોકો ત્યાં પહોંચ્યા ત્યારે પીડિત બાળકી લોહિલુહાણ હાલતમાં પડી હતી. આ અંગે બાળકીને પિતાએ પોલીસ ફરિયાદ દાખલ કરાવી છે. એસપીના જણાવ્યા પ્રમાણે આ કેસમાં ૧૧ વર્ષના બાળકની અટકાયત કરી લેવામાં આવી છે, તેમજ વધારે તપાસ કરવામાં આવી રહી છે.

આવા જ એક બનાવમાં ગાઝિયાબાદમાં એક ૧૩ વર્ષના છોકરાએ સાત વર્ષના છોકરા સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું. આ બનાવ લોની કોતવાલી વિસ્તારમાં બન્યો છે. પોલીસના જણાવ્યા પ્રમાણે બાળક જ્યારે પોતાના ઘરે એકલો હતો ત્યારે આરોપી છોકરો તેના ઘરે પહોંચી ગયો હતો અને તેનું શારીરિક શોષણ કર્યું હતું.

તો રવિવારે સુરતમાં પિતા-પુત્રીના પવિત્ર સંબંધને લાંછન લગાડતો કિસ્સો સામે આવ્યો હતો. જેમાં દીકરીએ સગા પિતા પર ચાર વર્ષથી દુષ્કર્મ આચરવાનો આક્ષેપ લગાવ્યો હતો, જે બાદમાં સુરત પોલીસ પિતાની ધરપકડ કરી લીધી છે. પત્નીના મોત બાદ પિતા પોતાની પુત્રીને લેવા માટે નાની મામાને ઘરે ગયો ત્યારે પુત્રીએ નરાધમ બાપ સાથે જવાનો ઈંકાર કરી દીધો હતો. જે બાદમાં તેની પાપલીલાનો પર્દાફાશ થયો હતો.

અમિત શાહ પોતાનું નામ કયારે બદલી રહ્યા છે, શાહ તો ફારસી શબ્દ છે : ઓવૈસી

શું ભાજપ મને પણ એક ગાય આપશે? : અસદુદ્દીન ઓવૈસી

હૈદરાબાદ

એઆઈએમઆઈએમના અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસી હંમેશા તેમના વિવાદાસ્પદ નિવેદનોના કારણે ચર્ચામાં રહે છે. હવે તેમણે તેલંગાણા ચૂંટણીમાં ભાજપ દ્વારા જાહેર કરાયેલા ઘોષણાપત્રનો મુદ્દો ઉઠાવ્યો છે. હકીકતમાં ભાજપે તેમના ઘોષણાપત્રમાં રાજ્યમાં ૧ લાખ ગાયોની વહેંચણી કરવાનું વચન આપ્યું છે, જેના પર ઓવૈસીએ જણાવ્યું હતું કે, શું તેઓ મને પણ ગાય આપશે?

અસદુદ્દીન ઓવૈસીએ પ્રશ્ન કર્યો હતો કે, ભાજપે તેલંગાણા ચૂંટણી માટે પોતાના ઘોષણાપત્રમાં રાજ્યમાં ૧ લાખ ગાયોની વહેંચણી કરવાનું વચન આપ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, શું તેઓ મને પણ એક ગાય આપશે? હું વચન આપું છું કે, હું તેને અત્યંત સમ્માન સાથે રાખીશ, પરંતુ મહત્વનો પ્રશ્ન એ છે કે, શું તેઓ મને આપશે? આ એક મજાકની વાત નથી, આ અંગે વિચારવું જોઈએ. ઓવૈસીએ અમિત શાહને પ્રશ્ન કર્યો છે કે, શાહ પોતાનું નામ ક્યારે બદલી રહ્યા છે. હકીકતમાં ઈતિહાસકાર ઈરાફાન હબીબે ભાજપના અધ્યક્ષ અમિત શાહને પોતાનું નામ બદલવાની સલાહ આપી હતી.

ઓવૈસીએ એક જનસભાને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં શહેરોના નામ બદલવામાં આવી રહ્યા છે. અલ્હાબાદનું નામ બદલવામાં આવ્યું અને આગ્રાનું નામ પણ બદલાઇ શકે છે. હવે અમિત શાહ તેમનું નામ કયારે બદલી રહ્યા છે? તેમણે જણાવ્યું કે, શાહ તો ફારસી શબ્દ છે તો પછી અમિત શાહ પોતાનું નામ ક્યારે બદલી રહ્યા છે.

ભારત-ચીન મતભેદે વિવાદનું રૂપ ધારણ ન કરવું જોઈએ: સીતારામન

ઈટાનગર

ભારત અને ચીન વચ્ચેના મતભેદે વિવાદનું સ્વરૂપ ધારણ ન કરવું જોઈએ એમ જણાવતાં સંરક્ષણ પ્રધાન નિર્મલા સીતારામને રવિવારે વિવિધ મુદ્દે બંને દેશ વચ્ચે વાટાઘાટની તરફદારી કરી હતી. ભારત અને ચીન બંનેએ એકમેકનો આદર કરવો જોઈએ તેમ જ મતભેદોનો વાટાઘાટ મારફતે ઉકેલ લાવવો જોઈએ અને શાંતિ અને સમૃદ્ધિ માટે હાથ મિલાવવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું. સંરક્ષણ, સરહદ, સરહદી વેપાર, ભારતીય સમુદ્રમાં ભારત અને ચીનના લશ્કરી દળોની હાજરી જેવા જુદા જુદા મુદ્દે બંને દેશ વચ્ચેના મતભેદોનો વાટાઘાટ મારફતે ઉકેલ લાવવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

બે દેશ વચ્ચે સ્પર્ધા હોવી એ સામાન્ય બાબત છે, પરંતુ આ સ્પર્ધા સંઘર્ષમાં પરિવર્તિત ન થઈ જાય તે જરૂરી છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે બંને દેશ વચ્ચેના મતભેદોને વિવાદનું સ્વરૂપ ધારણ કરવાની પરવાનગી ન આપવી જોઈએ.

વાતચીત અને શાંતિપૂર્ણ વાટાઘાટમાં જ તમામ મતભેદો અને વિવાદનો ઉકેલ છે, પરંતુ એ માટે અરસપરસ વિશ્વાસ હોવો જરૂરી હોવાનું તેમણે કહ્યું હતું.

લાઈમ લાઈટમાં રહેવા ધોરાજી-ઉપલેટાના ધારાસભ્ય વસોયાનો વધુ એક સ્ટન્ટ

વ્યક્તિગત લોક ચાહના મેળવવા 'પંજા'ને ભૂલ્યા વસોયા : દિવાળીના શુભેચ્છા પોસ્ટરોમાં પંજાને સ્થાન જ ન આપ્યું !

વસોયા પોતે ધારાસભ્ય હોવા છતાં સરકારમાં પોતાનુ કંઈ ઉપજતું ન હોવાથી પક્ષ પલટો કરવા માટે અધીરા બની ભાજપના વહાલા થવા આવું કૃત્ય કર્યું હોવાની લોકચર્ચા : રાજકોટ જિલ્લા પંચાયતમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવાના ભૂતકાળમાં વસોયા પર લાગ્યા છે આક્ષેપો

ધોરાજી,

ગત વિધાનસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસ પક્ષની અંદર ટિકિટ વિતરણ માટે અનામત આંદોલનનું ભૂત ધૂણતું હોવાને લીધે સૌરાષ્ટ્ર ઝોનના પાસ કન્વીનર વસોયાને હાર્દિક પટેલની ભલામણથી ધોરાજી; ઉપલેટા વિધાનસભા મત વિસ્તારમાં વસોયાને કોંગ્રેસ પક્ષ તરફથી ટીકીટ આપવામાં આવેલ હતી.જેને લઈને વર્ષોથી ભાજપી વસોયા ગત ચૂંટણી કોંગ્રેસ પક્ષ તરફથી લડ્યા હતા અને તે સમયે ધોરાજી તથા ઉપલેટા ની પ્રજાએ શાસન બદલવાનો વિચાર કરતા તથા લલિત વસોયાના વાયદાઓથી ભરમાઈ લલિત વસોયાને વિજયી બનાવેલ હતા જેને લઈને પ્રથમ ભાજપી કાર્યકર અને ત્યાર બાદ આનામત આંદોલન વેળાએ પોતાના અંગત સ્વાર્થ માટે ભાજપ સાથે બગાવત કરી સૌરાષ્ટ્ર ઝોનના પાસ કન્વીનર બનેલા વસોયા કોંગ્રેસ પક્ષના ધારાસભ્ય થયેલ હતા. પરંતુ વસોયા ધારાસભ્ય થતાં જ પોતાની વિસ્તારની પ્રજાને ભૂલી સતત સત્તાના મદમાં રાચવા



લાગેલ હતા આ ઉપરાંત વર્ષોથી રાજકારણમાં પોતાનો કક્કો ગોઠવવા જાણીતા વસોયાએ પ્રજાના પ્રાણ પ્રશ્નોને ભૂલી પોતાનો અંગત સ્વાર્થ સાધી વ્યક્તિગત લાઈમ લાઈટમાં રહે તેવા પ્રશ્નોને લઈ લડત ચલાવવી શરૂ કરેલ હતી. જ્યારે આ વખતે પણ સસ્તી પ્રસિદ્ધિ મેળવી વ્યક્તિગત લાઈમ લાઈટમાં રહેવાની ટેવ વાળા વસોયાએ દિવાળીના તહેવારો દરમ્યાન શહેરભરમાં પોતાના ફોટા વાળા દિવાળીની શુભેચ્છા પાઠવતા બેનરો લગાવેલ હતા પરંતુ તેમાં તેઓએ જે પંજાએ તેમનો હાથ પકડી તેમને ટિકિટ આપી અને જેના લીધે તે ધારાસભ્ય બન્યા તે જ પંજાને તેઓએ પોસ્ટરમાં સ્થાન ન આપતા વિવાદ ઉભો થવા પામ્યો છે.જ્યારે આ મુદ્દે વસોયાએ મીડિયા સમક્ષ વાત કરતા જણાવેલ કે તેઓ શહેરની બહાર હોવાને લીધે કદાચ કાર્યકરોએ લગાડેલ પોસ્ટરમાં આ ચૂક રહી ગયેલ હોય તેમ કરી સતત તેમના માટે મહેનત કરતા કાર્યકરો પર દોષનો ટોપલો ઢોળેલ હતો જેને લઈને દિવસ રાત તેમની સાથે રહી મહેનત કરતા કાર્યકરો પર દોષનો ટોપલો ઢોળતા ફરી એક વાર મીડિયા સાથેની વાતચીતમાં વસોયા સ્વાર્થીલા સાબિત થયેલ હતા.જ્યારે તેમના આવા જવાબને લઈને તેમના અંગત કાર્યકરો નારાજ થયેલ હતા અને તેમના એક અંગત અને તેમના વિશ્વાસુ કાર્યકરે નામ ન આપવાની શરત હેઠળ જણાવેલ કે જો પોસ્ટરો લગાડવામાં અમારી ભૂલ થયેલ હોવાનું વસોયા જણાવે છે તો તેઓએ સોશિયલ મીડિયા મારફતે પોતાની સ્વજાતે મોકલેલ તમામ સંદેશાઓમાં પણ તેમણે ક્યાંય પંજાના નિશાન કે પક્ષના નામનો ઉલ્લેખ કરેલ નથી.જેને લઈને વસોયાનો દ્વિમુખી ચહેરો બહાર આવેલ હતો.આ ઉપરાંત સાહેબ ધારાસભ્ય હોવા છતાં તેમનું સરકારમાં કંઈ ઉપજતું નથી અને જેને લઈને ભાજપમાં ભળવા માટે કોંગ્રેસના નિશાનને સાઈડ લાઈન કરી તથા પક્ષ વિરોધી પ્રવૃતિઓમાં ટેકો આપી સતત ભાજપને વહાલા લાગે તેના માટે આવું કૃત્ય કર્યું હોવાની પણ લોકચર્ચાઓએ તેમના મત વિસ્તારમાં જોર પકડેલ છે.ત્યારે હવે જોવાનું એ રહ્યું કે સતત વસોયા લોકચાહના તો ગુમાવી જ રહ્યા છે સાથોસાથ પોતાના કાર્યકરો પર જાહેરમાં દોષનો ટોપલો ઢોળતાં કાર્યકરોની પણ લોકચાહના ગુમાવશે કે પછી બંધ-બારણે કાર્યકરોની માફી માંગી મામલો થાળે પાડશે !



ત્રણ મોટરસાયકલ ચોરીનો ભેદ ઉકેલતી જેતપુર સિટી પોલીસ

ત્રણ મો.સા.ચોરીનો ગુન્હો ડીટેકટ કરતી જેતપુર સીટી પોલીસ

રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબની સુચનાથી તથા ના.પો. અધિ.શ્રી જે.એમ. ભરવાડ સાહેબ ના માર્ગદર્શન હેઠળ તેમજ પો.ઈન્સ વી.આર.વાણિયા સાહેબ ની સુચના થી આજરોજ જેતપુર સીટી પોલીસ સ્ટેશન ડી-સ્ટાફ ના પો.હેડ. કોન્સ સંજયભાઈ પરમાર તથા ભાવેશભાઈ ચાવડા તથા પો.કોન્સ નારણભાઈ તથા પો.કોન્સ ચેતનભાઈ ઠાકોર તથા લખુભા રાઠોડ તથા રામજીભાઈ ઝરેજા એમ બધા જેતપુર સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ મા હતા દરમ્યાન પો.કોન્સ ચેતનભાઈ ઠાકોર તથા લખુભા રાઠોડ ને મળેલ હકીકત આધારે જેતપુર ફુલવાડી ચાંદની ચોક મા વાહના ચેકીંગ મા હતા દરમ્યાન જેતપુર ગોંડલ દરવાજા તરફ થી હકીકત વાળો ઈસમ આવતા તેને રોકી મજકુર ઈસમ નુ નામ પુછતા અનિલ ગોવિંદભાઈ ડાભી દે.પુ.ઉવ ૨૦ રહે જેતપુર દેરડીધાર વાળો હોય મજકુર પાસે રહેલ મો.સા.જોતાં નંબર પ્લેન વગરનું હોય જેના એન્જીન તથા ચેસીચ નંબર જોતા સદરહુ

(૧) મો.સા રાજકોટ સીટી એ ડીવી.પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.ન.૨૨૮/૨૦૧૮ ઈ.પી.કો.૩૭૯ નુ ચોરી કરેલ હોય બાદ મજકુર ઈસમ ના ઘરે થી

(૨)મો.સા.નંબર પ્લેટ વગરનું જેના એંજિન તથા ચેસીચ નંબર જોતા સદરહુ મો સા રાજકોટ સીટી આજી ડેમ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરન ૨૪૨/૨૦૧૮ ઈ.પી.કો ૩૭૮ નુ ચોરી કરેલ હોય તેમજ

(૩)મો.સા.પોરબંદર બસ સ્ટેનડ માંથી ચોરી કરેલ નું જણાવતો હોય જે ત્રણેઅ મો.સા.ઉપરોક્ત ઈસમ પાસેથી CRPC 102 મુજબ કબ્જે કરી આરોપીને CRPC 41(1)ડી મુજબ અટક કરી જે તે પોલીસ સ્ટેશનમાં જાણ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

ગોપીપુરાના ઉપાશ્રયમાં જૈન સાધ્વીની છેડતી અંગે સ્થાનિક ટપોરીઓની પૂછપરછ

મોડી રાત્રે ઉપાશ્રયમાં ઘૂસી ગયેલા યુવકની શોધખોળ કરતી પોલીસ

સુરત

ગોપીપુરા શીતલવાડી જૈન ઉપાશ્રયમાં સાધ્વી મહારાજની છેડતીના બનાવ અંગે અઠવા પોલીસે તપાસ હાથ ધરી છે.જોકે ઉપાશ્રયમાં ઘુસીને સુતેલા સાધ્વીની છેડતી કરનારના સગડ અઠવા પોલીસ મેળવી શકી નથી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ગોપીપુરા શીતલવાડી જૈન ઉપાશ્રયમાં રાત્રિના સમયે ફરિયાદી સાધ્વી અને અન્ય સાધ્વી હોલમાં અંધારામાં સૂતા હતા. ત્યારે તે વખતે અંધારાનો લાભ ઉઠાવી કોઈ અજાણ્યા વ્યક્તિ ફરિયાદી સાધ્વીના પગ પાસે બેઠો હતો. અવાજ થતા સાધ્વી જાગી ગયા હતા અને અજાણ્યા વ્યક્તિને જોતા તુરંત જ બુમાબુમ કરી મુકતા અજાણ્યો વ્યક્તિ અંધારામાં લોબીની બહારના ભાગે સીડીમાંથી કૂદીને નાસી ગયો હતો. બનાવ અંગે અઠવા પોલીસે ઈપીકો કલમ ૪૪૮, ૩૫૪-એ મુજબની ફરિયાદ નોંધી હતી. આ ઘટનાને પગલે જૈન સમાજમાં આક્રોશ વ્યાપી ગયો છે. અઠવા પોલીસે આજુબાજુના સીસીટીવી ફુટેજ મેળવવાના પ્રયાસો શરૂ કર્યા છે. તેમજ સ્થાનિક કક્ષાના ટપોરીઓને ઉઠાવી લાવી પૂછપરછ હાથ ધરી છે.

મોરબીના નીચી માંડલ ગામની યુવતી ગુમ, પરિવાર ચિંતાતુર

મોરબીના નીચી માંડલ ગામની રહેવાસી યુવતી ગુમ થતા પિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે જેમાં ફરિયાદી ધીરજલાલ કલ્યાણજીભાઈ કુંડારિયાએ જણાવ્યું છે કે તેની દીકરી આરતી કુંડારિયા (ઉ.વ.૨૩) પોતાના ઘરેથી કોઈપણ જાણ કર્યા વગર તા. ૦૯ ના ૧૦ થી ૧૧ કલાક દરમિયાન જતી રહી છે તાલુકા પોલીસે ગુમ થયાની નોંધ કરી વધુ તપાસ આદરી છે.



દિવાળીની રજા બાદ આજે લાભપાંચમથી વેપારીઓ દ્વારા ધંધા- કારોબારનો શુભ આરંભ કરવા પૂર્વ દુકાનોમાં પૂજા કરવામાં આવી હતી. દૃશ્યમાન તસવીર ટેક્સટાઈલ માર્કેટની દુકાનની છે.

ડોળાસામાં દબાણ દુર કરવા કાર્યવાહી થશે

ગીર-સોમનાથ : ડોળાસા ગામનાં મસરીભાઇ ડોડીયાએ આજે ઝેરી દવા પી લઈ પ્રાંસલી ખાતે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેઓની ડોળાસામાં દબાણ દુર કરવાની માંગણી છે. આ સંદર્ભે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવશે

જિલ્લા કલેકટરનાં જણાવ્યા મુજબ ડી.એલ.આઈ.આર. દ્વારા ડોળાસામાં જમીનની માંપણી કરી તાલુકા વિકાસ અધિકારી કોડીનાર દ્વારા તાત્કાલીક ધોરણે દબાણ દુર કરવાની કાર્યવાહી કરાશે.મસરીભાઇ દ્વારા ડોળાસામાં ગૌચરની જમીન ઉપર ગ્રામજનો દ્વારા ગેરકાયદેસર રીતે રહેણાંક મકાનો ઉભા કરી જમીન પર દબાણ કરવામાં આવેલ હોય તે દુર કરવા માંગણી કરાયેલ છે.

માળિયાના કુંભારિયાના છેડતી પ્રકરણમાં આરોપીના આગોતરા જામીન મંજુર

માળિયા પોલીસમથકમાં ફરિયાદી રૈયાબેન પંચાસરાએ ફરિયાદ નોંધાવી હતી કે આરોપી વિક્રમભાઈ પંચાસરા તેના ઘરમાં જઈને બાળવું પકડીને ગેરવ્યાજબી માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જે અંગે ગુન્હો દાખલ થયા બાદ આરોપીએ આગોતરા જામીન અરજી ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજની કોર્ટમાં એડવોકેટ દિલીપભાઈ અગેચણીયા મારફત કરી હતી જેમાં બચાવ પક્ષના વકીલે દલીલ કરી હતી કે આરોપીએ કોઈ ગુન્હો કર્યો નથી અને ખોટી રીતે ફસાવી દેવામાં આવ્યા છે ફરિયાદીની ભૂમિકા પ્રથમથી જ શંકાસ્પદ છે

કારણકે ફરિયાદીએ જે અરજી કરેલ તેમાં અંગુઠાનું નિશાન કરેલ અને ફરિયાદમાં સહી કરી છે જે શંકાસ્પદ છે અને આરોપીએ એક વખત એકઝીકયુંટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ જામીન આપી દીધેલ છે જે દલીલોને ધ્યાને લઈને ૨૫,૦૦૦ ના શરતી આગોતરા જામીન પર છોડવાનો હુકમ કર્યો છે આરોપી તરફે મોરબી જીલ્લાના સીનીયર એડવોકેટ દિલીપ અગેચણીયા, જીતેન અગેચણીયા, જે ડી સોલંકી, સુનીલ માલકીયા અને વિવેક વરસડા રોકાયેલા હતા.

મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં આજે છઠ મહાપર્વની ઉજવણી

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી મંગળવાર, તા. ૧૨મી નવેમ્બરે અમદાવાદમાં છઠ્ઠ સાંસ્કૃતિક મહાપર્વ-૨૦૧૮માં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. અમદાવાદમાં ઇન્દિરા બ્રિજ—હાંસોલ પાસે સાબરમતી નદીના તટે છઠ ઘાટ ખાતે સાંજે ૫-૦૦ વાગ્યે આ મહાપર્વની ઉજવણી થવાની છે. મુખ્યમંત્રી આ અવસરે પ્રવાસન વિભાગના રૂ. ૧૧ કરોડની ફાળવણી સાથે અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા નિર્માણ પામેલા ૩૦૦ મીટરના છઠ ઘાટનો લોકાર્પણ કરશે.

ગુજરાતમાં વસતા બિહાર રાજ્ય તેમજ ઝારખંડ અને પૂર્વીય ઉત્તર પ્રદેશના નાગરિકો-પરિવારો આ છઠ મહાપર્વની પરંપરાગત ઉજવણી સાથે મળીને કરે છે.ત્યારે મુખ્યમંત્રી પ્રતિ વર્ષની જેમ જ આ વર્ષે પણ આ છઠ મહાપર્વની ઉજવણીમાં સહભાગી થવાના છે.

રૂ. ૧૧ કરોડના ખર્ચે નવનિર્મિત છઠ ઘાટનો સાબરમતી તટે મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ

માળિયા હાઈવે પર ત્રિપલ સવાર બાઈકની સ્વીફટ કાર સાથે ટક્કર, એકનું મોત

માળિયા હાઈવે પર ત્રિપલસવારીમાં જતા બાઈકને સ્વીફ્ટ કારના ચાલકે ઠોકર મારતા બાઈક સવાર બે યુવાનને ઈજા પહોંચી હતી જયારે એકનું મોત નીપજ્યું છે

મોરબીના રણછોડનગરના રહેવાસી રવિભાઈ જગદીશભાઈ પરેશાંએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે આરોપી સ્વીફ્ટ કાર નંજીજે ૦૩એચએ ૫૪૪૭ના ચાલકે કાર પુરઝડપે ચલાવી મોટા દહીંસરાથી પીપળીયા ચાર રસ્તા જતા રોડ પરથી પસાર થતા હોન્ડા મોટરસાયકલ સાથે ભટકાડતા ફરિયાદી રવિ પરેશાને ફેકચર જેવી ઈજા તેમજ વિપુલ જગદીશભાઈને ઈજા પહોંચી છે જયારે બીપીનભાઈ બકુલભાઈને માથામાં ઈજા થતા તેનું સારવાર દરમિયાન મોત થયું છે માળિયા પોલીસે અકસ્માતના ગુન્હાની નોંધ કરી વધુ તપાસ ચલાવી છે.

તા.૧૧'મીએ વલસાડ જિલ્લા સંકલન બેઠક

વલસાડ

વલસાડ જિલ્લા સંકલન વ ફરિયાદ સમિતિની માહે નવેમ્બર ૨૦૧૮ માસની માસિક સમીક્ષા બેઠક, તા.૧૭-૧૧-૨૦૧૮ના રોજ નવી કલેક્ટર કચેરી, વલસાડના સભાખંડમાં મળશે. બપોરે ૧૧.૦૦ કલાકે ભાગ-૧ અને ૧૨.૦૦ કલાકે ભાગ-૨ની મળનાર આ બેઠકમાં જિલ્લા કચેરીઓના વડા અધિકારીઓને સ્વયં, પૂરતી વિગતો સાથે ઉપસ્થિત રહેવા અને બેઠકની માહિતી નિયત નમૂનામાં તાત્કાલિક રૂબરૂમાં મોકલી આપવા નિવાસી અધિક કલેક્ટર, દ્વારા જણાવાયું છે.

અરૂણાચલ પ્રદેશના રાજ્યપાલના સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમાને ભાવવંદન







સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતથી એક ધર્મયાત્રા પૂરી કર્યાની આનંદ અનુભૂતિ વ્યક્ત કરી સ્ટેચ્યુ ઓફ યુનિટી – સરદાર પ્રતિમાનું નિર્માણ કલ્પનાતીત છે : આ નિર્માણ એક વૈશ્વિક કિર્તીમાન છે

રાજપીપળા : વિક્રમ સંવતના નવા વર્ષે સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રથમ મુલાકાતી મહાનુભાવના રૂપમાં દેશના પૂર્વોત્તર સીમાડે આવેલા અરૂણાચલ પ્રદેશના રાજ્યપાલ બ્રિગેડીયર (સેવા નિવૃત્ત) ડૉ.બી.ડી મિશ્રાએ સરદાર વલ્લભભાઇ પટેલના કેવડીયા ખાતે સ્થાપિત સરદાર સ્મારક સ્ટેચ્યુ ઓફ યુનિટીની અને તેની સાથે સંલગ્ન વેલી ઓફ ફ્લાવર્સ, વોલ ઓફ યુનિટી, સરદાર સરોવર ડેમ, ભૂગર્ભ જળ વિદ્યુતમથક, ટેન્ટ સીટી સહિતના વિવિધ આકર્ષણોની મુલાકાત લેવાની સાથે પરમ ધન્યતાનો ભાવ વ્યક્ત કર્યો હતો.

તેમણે અતિ વિરાટ સરદાર સાહેબની વિરાટ પ્રતિમાના ચરણોમાં ગુલાબના પુષ્પો દ્વારા અંજલિ અર્પીને રાષ્ટ્રના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલની ભાવવંદના કરી હતી તથા ભાવવિભોરતા સાથે જણાવ્યું હતું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતથી એક ધર્મયાત્રા સંપન્ન કરવાનો આનંદ અનુભવું છું. સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણના વિલક્ષણ વિચાર અને તેના સંકલ્પબધ્ધ અમલીકરણ માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીને આદરપૂર્વક યાદ કરતાં મહામહિમે જણાવ્યું હતું કે, આ સરદાર પ્રતિમાનું નિર્માણ કલ્પનાતીત કાર્ય છે, એક વૈશ્વિક કિર્તીમાન છે. પ્રતિમાના નિર્માણ માટે ભગીરથ ઇજનેરી પરિશ્રમ, સ્થળ પસંદગી એ બધું જ બેમિસાલ છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી યુગો સુધી વિશ્વમાં ભારતને ગૌરવ અપાવશે.

તેમણે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી પ્રત્યેક દિવસે દેશની જનતાના કલ્યાણ અને ઉત્કર્ષનો એક નવો વિચાર અમલમાં મૂકે છે, એક ભારત શ્રેષ્ઠ ભારતના નિર્માણ અને મજબૂતીકરણની દિશામાં દેશને આગળ લઇ જાય છે, પરમાત્મા તેમના આ પરિશ્રમને સફળતા અપાવે એવી શુભકામનાઓ તેમણે પાઠવી હતી.

અરૂણાચલ પ્રદેશના રાજ્યપાલ એ સ્ટેચ્યુ ઓફ યુનિટીના સભાખંડમાં સરદાર સાહેબના જીવન અને કવનને વણી લેતી ફિલ્મ નિહાળી હતી. તેમણે ૪૫ માળની ઉંચાઇએ, પ્રતિમાના હૃદય સ્થળેથી માતા નર્મદા અને વિંધ્યાચલ – સાતપૂડાની ગિરિમાળાઓના દર્શન કર્યા હતાં. પરમ અહોભાવની લાગણી સાથે તેમણે જણાવ્યું હતું કે, આ સ્થળેથી માતા નર્મદાના દર્શન પવિત્રતાની અલૌકિક ઉંચાઇએ પહોંચ્યાની અનુભૂતિ કરાવે છે.

સહકાર રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલે મુલાકાતી મહેમાનનું સ્વાગત કર્યું

રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલે રાજ્ય સરકાર વતી મહામહિમ ડૉ. મિશ્રા અને તેમના ધર્મપત્ની શ્રીમતી નિલમ મિશ્રાનું સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રાંગણમાં આત્મીયતાસભર સ્વાગત કર્યું હતુંતથા સ્મૃતિ ચિહ્ન અર્પણ કર્યું હતું. રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગના સદસ્યશ્રી હર્ષદભાઇ વસાવા અને પૂર્વ મંત્રી શબ્દશરણભાઇ તડવીએ પણ રાજ્યપાલનું અભિવાદન કર્યું હતું.

સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેક્ટના અધિક કલેક્ટર અને ચીફ મેનેજર સંજય જોષી તથા સરદાર ડેમના અધિક્ષક ઇજનેર આર.જી. કાનુનગોએ મુલાકાતી રાજ્યપાલને સ્ટેચ્યુ ઓફ યુનિ, આ સમગ્ર પ્રોજેક્ટ તેમજ સરદાર સરોવર બંધની વિશ્વ કક્ષાની ઇજનેરી કરામત જેવી તાંત્રિક અને ઇજનેરી વિશેષતાઓ તેમજ વિશ્વની અન્ય વિરાટ પ્રતિમાઓની સરખામણીમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની વિરાટત્વની ઝીણવટસભર જાણકારી આપી હતી. તેમણે તોફાની પવનો, ઝંઝાવાતો, મોટા ધરતીકંપો સામે આ પ્રતિમાને રક્ષણ આપતી ઇજનેરી વ્યવસ્થાઓની માહિતી પૂરી પાડી હતી.

મુલાકાતી રાજ્યપાલએ સરદાર સરોવર બંધના ટોપ પોઇન્ટ પર જઇને સરદાર સરોવરના જળ ભંડાર, સંગ્રહક્ષમતાની અને ઝીરો પોઇન્ટ ખાતે જઇને નર્મદા જળના મુખ્ય નહેરના માધ્યમથી સમગ્ર ગુજરાતમાં અને છેક રાજસ્થાન સુધી વિતરણની વ્યવસ્થાની જાણકારી મેળવી હતી. તેમણે ભૂગર્ભ જળ વિદ્યુતમથકની મુલાકાત લઇને નર્મદા યોજના હેઠળ જળવિદ્યુત ઉત્પાદનની ક્ષમતા અને વ્યવસ્થાની માહિતી મેળવી હતી. ટેન્ટ સીટીના આકર્ષણો અને સુવિધાઓની પણ જાણકારી મેળવી હતી.

રાજ્યપાલની આ મુલાકાત દરમિયાન જિલ્લા કલેક્ટર આર.એસ. નિનામા, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. જીન્સી વિલીયમ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી અચલ ત્યાગી, સરદાર સરોવર નર્મદા નિગમના અધિક્ષક ઇજનેર આર.જી. કાનુનગો, જિલ્લાના અગ્રણી ઘનશ્યામભાઇ દેસાઇ અને ગજેન્દ્રસિંહ જાડેજા વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ અંબાજીના દર્શન કર્યા





મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ભક્તિભાવપૂર્વક આધશક્તિ મા અંબેના દર્શન અને પૂજા-અર્ચના કરી હતી. મુખ્યમંત્રીએ સવારની આરતીમાં બેસીને માતાજીના દર્શન કરવાનો લ્હાવો લીધો હતો. મિડીયા સાથે મુલાકાતમાં મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે પ્રજાની સુખ સમૃધ્ધિમાં વધારો થાય અને ગુજરાત વિશ્વકક્ષાએ મોડેલ સ્ટેટ બને તે માટે માતાજીને પ્રાર્થના કરી છે. તેમણે કહ્યું કે આગામી લોકસભાની ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી જેવુ સમર્થ નેતૃત્વ દેશને ફરીથી મળે, દેશમાં જંગી બહુમતીથી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં વિજય થાય અને ભારત શક્તિશાળી, સમૃધ્ધ રાષ્ટ્ર બને તે માટે માતાજીને પ્રાર્થના કરી છે. મુખ્યમંત્રીએ ભક્તિભાવપૂર્વક અંબાજી મંદિરના શિખર ઉપર ધજા ચઢાવી હતી. આ પ્રસંગે શ્રીમતી અંજલિબહેન રૂપાણી, જિલ્લા વિકાસ અધિકારી બી.એ.શાહ, રેન્જ આઇ.જી. ડી.બી.વાઘેલા, નિવાસી અધિક કલેકટર એલ.બી.બાંભણીયા, વહીવટદાર એસ.જે.ચાવડા, અગ્રણીઓ સર્વ સુરેશભાઇ શુક્લ, બકુલેશભાઇ શુક્લ, સુનિલભાઇ બ્રહ્મભટ્ટ,વિજયભાઇ દેસાઇ સહિત સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

નર્મદા નદીમાં ખેતીની જમીનો ડુબાણ ગયેલ હોય એવા ખેડૂતો જોગ

ભરૂચ : ભરૂચ સબ ડીવીઝનનાં ભરૂચ તાલુકામાં નર્મદા નદીનાં કિનારે ઝનોર, મંગલેશ્વર, નિકોરા, શુકલતીર્થ, કડોદ, તવરા ગામો આવેલ છે. નર્મદાનાં પાણીનાં વહેણનાં કારણે ઘણી ખેતીની જમીનો ડુબાણમાં ગયેલ છે જેનાં કારણે સરકારી નદીનાં ખરાબા સદરે ચાલે છે. કેવડીયા કોલોની (રાજપીપલા) મુકામે સરદાર સરોવર ડેમ નિર્માણ થતાં ભૂતકાળનાં સમયમાં નર્મદા નદીમાં ભયાનક રેલ જેવી પરિસ્થિતી વર્તમાન સમયમાં બદલાયેલ છે અને ધ્યાન ઉપર આવેલ છે કે નર્મદા નદીમાં પાણીનો પ્રવાહમાં ઘટાડો અને કેટલાક કિસ્સામાં વહેણ બદલાવાથી ડુબાણમાં ગયેલ ખેતીની જમીન ખુલ્લી થયેલ છે અને તેમાં ખેતી થઇ શકે તેવી પરિસ્?થિતીનું નિર્માણ થયેલ છે અને જે ખેડૂત ધ્વારા પોતાની જમીનમાં એક વખત રાજીનામુ આપેલ હોય તો ખેડૂત જમીન પરત મેળવવા હક્કદાર નથી પરંતુ રાજીનામુ આપેલ ન હોય અને સતત જમીન મહેસુલ ભરનાર ખેડૂત ખાતેદારો પોતાની જમીન પરત મેળવવા હક્કદાર બને છે.

જાગૃત ખેડૂતો ધ્વારા નર્મદા નદીનું વહેણ બદલાવાનાં કારણે નદીમાં દુબાણમાં ગયેલ જમીનો ખુલ્લી થતાં રીગ્રાન્ટથી પરત મેળવવાનાં કિસ્સા ધ્યાનમાં આવેલ છે.

જમીન મહેસુલ અધિનિયમની કલમ ૬૩ મુજબ નદીનાં દુબાણમાં ગયેલ જમીન નદીમાંથી બહાર નીકળે તો જે તે મૂળ ખાતેદારને જમીન રીગ્રાંન્ટ કરવાની જોગવાઇ કરેલ છે અને કલેક્ટર સાહેબ ભરૂચ તરફથી લેન્ડ રેવન્યુ કોડની કલમ-૬૩ નાં અધિકારી નાયબ કલેક્ટરને સુપ્રત કરેલ છે.

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે મૂળ ખેતીની જમીનો ધારણકરનાર ખેતીની જમીનો નર્મદા નદીમાં ડુબાણ ગયેલ હોય અને જે તે ખેડૂત ખાતેદાર ધ્વારા જમીનનું રાજીનામું આપેલ ન હોય અને સતત મહેસુલ ભરતાં આવેલ હોય તેવા ખેડૂતોની જમીનો કેવડીયા કોલોની મૂકામે સરદાર સરોવર ડેમ નિર્માણ થવાથી નર્મદા નદીનું વહેણ બદલવાથી કે પાણીના પ્રવાહમાં ઘટાડો થવાને કારણે ખેતીની જમીન ખુલ્લી થયેલ હોય અને તેમાં ખેતી થઇ શકે તેમ હોય તો રેકર્ડકીય આધાર-પુરાવા સહ જમીન રીગ્રાંન્ટ થકી પરત મેળવવા નાયબ કલેક્ટરશ્રી ભરૂચને અરજી રજુ કરી શકે છે.

(૧) શરતો :-

(૨) સાદા કાગળ ઉપર ૩(ત્રણ) રૂપિયાની કોર્ટ ફી ટીકીટ લગાડી નાયબ કલેક્ટર ભરૂચ નવી કલેક્ટર કચેરી, ભરૂચનાં ત્રીજા માળે, ભરૂચનાં હોદ્દા જોગ અરજી કરવાની રહેશે.

(૩) અરજી સાથે જમીનનું રેકર્ડ અમલમાં આવ્યુ ત્યારથી જમીનની ૭/૧૨ નંબર-૬ નું રેકર્ડની પ્રમાણીત નકલ.

(૪) એકત્રીકરણ તખ્તાની પ્રમાણીતા નકલ.

(૫) ખેતીની જમીનમાંથી રાજીનામુ આપેલ ન હોવું જોઇએ. રાજીનામું આપેલ હશે તો માંગણી સ્વીકારવામાં આવશે નહી.

(૬) ખેતીની જમીન દુબાણ ગયા બાદ સતત જમીન મહેસુલ વિગેરે, વેરો ભર્યા અંગેનાં પુરાવા.

(૭) જમીનની માપણી સ્વખર્ચે કરાવવાની રહેશે.

(૮) હાલની ધારણ કરેલ જમીન અને રીગ્રાન્ટથી પરત મળનાર જમીન અંગે સીલીંગ ટોચ મર્યાદા ધારા કરતાં જમીનમાં સીલીંગ ટોચ મર્યાદા લાગુ પડતી નથી. તે મતબલનું સોગંદનામુ રજુ કરવાનું રહેશે.

(૯) મુળ ખેતીની જમીન ધારણ કરનાર ખેડૂતોની જમીન નર્મદા નદીનાં વહેણનાં ડુબાણ ગયેલ હોય અને વર્તમાન પરિસ્થિતીને કારણે જમીન બહાર નીકળી હોય તેવા ખાતેદારે અરજી કરવાની રહે છે.

મુળ સરકારી જમીન દુબાણમાં ગયેલ હોય અને તે બહાર નીકળેલ હોય તો તે માટે રીગ્રાન્ટ અરજી સ્વીકારવામાં આવશે નહી એમ ભરૂચ નાયબ કલેક્ટર જે.વી.દેસાઇએ એક જાહેરનામામાં જણાવ્યું.

અઢી વર્ષના બાળકને કૂતરાએ બચકું ભરતા ગંભીર રીતે ઘાયલ



ભરૂચ પશ્ચિમ વિસ્તારમાં આવેલ મદિના પાર્ક વિસ્તારમાં ઘરની બહાર રમતા બાળક ઉપર અચાનક કુત્તરાએ હૂમલો કરતા ગંભીર રીતે ઘાયલ બાળકને તત્કાલ સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પીટલ અને ત્યાંથી વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પીટલમાં ખસેડાયો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર ભરૂચના પશ્ચિમ વિસ્તારમાં આવેલ મદિના પાર્ક સોસાયટીમાં રહેતા અને વ્યવસાયે પરદા બનાવવાનો કામ કરતા શાહનવાઝ અબ્દુલમજીદ મલેકનો અઢી વર્ષિય પુત્ર મહંમદ ફૂરકાન મલેક ઘરના આંગણે રમી રહ્યો હતો. દરમિયાન અચાનક એક કૂતરાએ આવી તેના ગાલના ભાગે બચકું ભરી લેતા ફૂરકાનને ગાલે ગંભીર ઈજાઓ પહોંચી હતી.જેને તત્કાલ સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પીટલમાં લાવવામાં આવ્યો હતો.પરંતુ સિવિલમાં કોઈ સર્જન ન હોવાથી હાજર તબીબે બાળકને ગંભીર ઈજાઓ હોઇ પ્રાથમિક સારવાર આપી અન્ય હોસ્પીટલમાં ખસેડવા જણાવતા બાળકના પરિવારજનો એ બાળકને ભરૂચની ખાનગી હોસ્પીટલમાં ખસેડ્યો છે.

ભરૂચના ભઠીયારવાડ વિસ્તારમાં આવેલ બંધ મકાનમાં આગ લાગતાં દોડધામ મચી



ભરૂચના પશ્ચિમ વિસ્તારના ભઠિયારવાડમાં બંધ મકાનમાં અચાનક આગ ભભૂકી ઉઠતા એક સમયે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.જોકે બનાવની જાણ ફાયર ફાઇટરોને કરાતા તેવોએ સ્થળ પર દોડી આવીને આગ ઉપર કાબુ મેળવતા સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો હતો.

ઘટનાની મળતી પ્રાથમિક માહિતિ અનુસાર ભરૂચના પશ્ચિમ વિસ્તારમાં આવેલ ભઠિયારવાડ માં અઝીઝ ઘન્ટીવાળાના બંધ મકાનમાં એકા એક આગ ભભૂકી ઉઠતા ધૂમાડાના ગોટે ગોટા નિકળ્યા હતા. આગ લાગ્યાની વાત વાયુ વેગ પ્રસરતા વિસ્તારના રહીશોમાં નાસભાગ મચી જતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આગના પગલે આસપાસના રહિશો તેમજ દુકાન ધારકોના જીવ ટાળવે ચોંટ્યા હતા. આગ લાગ્યાની જાણ ભરૂચ પાલિકાના ફાયર વિભાગને કરાતા તુરંત ફાયર ફાઇટરો ઘટના સ્થળે દોડી આવી હતા.ભારે જહેમત બાદ લાગેલ આગ ઉપર કાબુ મેળવવામાં સફળતા મેળવી હતી. જોકે આગમાં કોઈ જાન હાની નોંધવા પામી ન હતી. જોકે આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી.